# આવવું છે મારે... દાદા દર્શન કરવાને

(રાગ: આવો તો રમવાને, ગરબે ઘુમવાને)

સ્નેહ નિતરતી આંખડી ને, અધરે અમૃત ધા.....ર
ભક્તિ કરતાં કરતાં થાયે, બેડો મારો પા...ર, બેડો મારો પા...ર

આવવું છે મારે... દાદા દર્શન કરવાને..., પૂજા કરવાને..
તારી ભક્તિ કરવાને ..., દાદા દર્શન કરવાને..., આવવું છે મારે . .

અલબેલા તમે દેવ અનેરા,
આદેશ્વર છે ના..મ (૨)
ઊંચા ઊંચા ડુંગરીયામાં,
દાદા તમારાં ધા..મ (૨)
હે.... તને જોઇને હરખાઈ જાઉં હું, કરી નવ્વાણું પાવન થાઉં હું
પાલિતાણાં ને ગા..મ, શેત્રુંજય ને ધા..મ.. , આવવું છે મારે...

કલીકાળનો કલ્પતરુ તું,
પારસનાથ તારું ના...મ (૨)
મહિમા તારો અપરંપાર છે,
પાવનકારી તારા ધા...મ (૨)
હે.... તને જોઇને હરખાઈ જાઉં હું, તને જોઇને ધન્ય ધન્ય થાઉં હું
શંખેશ્વરને ગા..મ, સમ્મેતશીખરને ધા..મ, આવવું છે મારે...

ચોવીસમાં તીર્થંકર તમે,

મહાવીર સ્વામી તારું ના..મ (૨)

અહિંસાનો ધર્મ બતાવ્યો

વહાલું લાગે તારું ના..મ (૨)

હે.... તને જોઇને હરખાઈ જાઉં હું, હે યાત્રા કરવાને આવું હું

પાવાપુરીને ધા..મ, ક્ષત્રિયકુંડ ને ગા..મ

આવવું છે મારે... દાદા દર્શન કરવાને..., પૂજા કરવાને..

તારી ભક્તિ કરવાને ..., દાદા દર્શન કરવાને...

આવવું છે મારે . .

https://www.youtube.com/watch?v=ZLJADI1zrQo

2016-07-28